અપીલ અરજી નં.૩૨૦ તા .૪–૧૦ –૧૧
ફોન નં. ૦૨૬૧ ૨૪૨૩૭૫૧/૫૧૮

અરજદારઃ – શ્રી વિનોદ પ્રેમજીભાઈ કંટારીયા
સામાવાળાઃ– એડી.સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (કતારગામઝોન)

**ફરીયાદની હકીકતઃ–**

વિષય :–આરટીઆઈ એકટ હેઠળ શ્રી વિનોદ પ્રેમજીભાઈ કંટારીયાની તા. ૮–૬–૧૧ની અરજીથી મુદ્દા નં.(૧) સહજાનંદ સોસાયટી ચીકુવાડી રોડના પ્લોટ નં. ૧૨ અને ૧૩માં થયેલ આર.સી.સી સ્લેબ, બીમ સહિતનું કમ્પલીટ બાંધકામ થયેલ હોય જે બાંધકામ પ્લાનની ફકત રજાચિઠ્ઠી મંજુર પ્લાનની નકલ આપવા વિનંતી વિ. મુદ્દા નં.(૧) થી (૩)ની માહિતી આપવા બાબત.

સંદર્ભ :–અરજદાર મજકુરની અપીલ તા.૪–૧૦–૧૧ ની **SMC/FAP/** નં.૩૨૦/૨૦૧૧–૧૨

શ્રી વિનોદ પ્રેમજીભાઈ કંટારીયાની તા. ૮–૬–૧૧ની અરજીથી મુદ્દા નં.(૧) સહજાનંદ સોસાયટી ચીકુવાડી રોડના પ્લોટ નં. ૧૨ અને ૧૩માં થયેલ આર.સી.સી સ્લેબ, બીમ સહિતનું કમ્પલીટ બાંધકામ થયેલ હોય જે બાંધકામ પ્લાનની ફકત રજાચિઠ્ઠી મંજુર પ્લાનની નકલ આપવા વિનંતી વિ. મુદ્દા નં.(૧) થી (૩)ની માહિતી આપવા બાબતે એડી.સીટી ઈજનેર અને જાહેર માહિતી (કતારગામઝોન)ના પત્ર નં. નોર્થઝોન/આઉટ/નં.૧૭૨૩ તા. ૨૩–૬–૧૧થી મળેલા પ્રતિભાવથી નારાજ થઈ એપેલેટ ઓફિસરને તા. ૪– ૧૦ –૧૧ ના રોજ અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ,આપેલ માહિતીની નોંધ વિભાગ સહિત નકલ, આપવા જોગ પૂરક માહિતીની વિગતો, વિલંબ /વિસંગતતા હોય તો તેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવા તથા **અપીલના મુદ્દા અંગે પણ તેમનો પક્ષ રજુ કરવા** પત્ર નં.આરટીઆઈ સેલ/૯૨૭ તા.૧૨–૧૦–૧૧ થી એડી.સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (કતારગામઝોન) તથા અરજદારને મુદ્દાવાર નારાજગી આધાર સહ સ્પષ્ટ કરવા જણાવવા પત્ર પાઠવવામાં આવેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી તરફથી પત્ર નં.એન.ઝેડ/આ.નં.૫૦૦૬ તા.૧૯–૧૦–૧૧ થી પૂરક વિગતોમાં નોંધ વિભાગ, અરજદારની મુળ અરજીની નકલ, અરજદારને આપેલી માહિતી અંગે પત્ર નં.નોર્થઝોન/આ.નં.૧૭૨૩ તા.૨૩–૬–૧૧ ના પત્રની નકલ અત્રે મળેલ છે. જયારે અરજદાર તરફથી કોઈ પૂરક વિગતો મળેલ નથી.

અરજદારની તા.૮–૬–૧૧ ની અરજીથી સહજાનંદ સોસા. ચીકુવાડી રોડના પ્લોટ નં.૧૨ અને ૧૩ બાબતે થયેલા બાંધકામ બાબતે મુદ્દા નં.૧ થી ૩ ની માહિતી માંગતી અરજી જાહેર માહિતી અધિકારી કતારગામઝોન ખાતે કરવામાં આવેલ. જેના અનુસંધાને કતારગામઝોન તરફથી પત્ર નં.નોર્થઝોન/આ.નં.૧૭૨૩ તા.૨૩–૬–૧૧ થી નિયત સમય અવધિમાં દફતરી ઉપલબ્ધ માહિતી આપવામાં આવેલ. જે બાબતે અરજદારની અરજીના મુદ્દા નં.(૧) સહજાનંદ સોસાયટી ચીકુવાડી રોડના પ્લોટ નં. ૧૨ અને ૧૩માં થયેલ આર.સી.સી સ્લેબ, બીમ સહિતનું કમ્પલીટ બાંધકામ થયેલ હોય જે બાંધકામ પ્લાનની ફકત રજાચિઠ્ઠી મંજુર પ્લાનની નકલ આપવા વિનંતી મુદ્દા નં.(૨) સદર મિલ્કતમાં નીચેનું બાંધકામ ગ્રાઉન્ડ ફલોરમાં પાર્કીગની જગ્યાએ દુકાનઓનું ગેરકાયદેસર બાંધકામ કરેલ હોય જેની માહિતીની નકલ. તેવા મુદ્દા નં.૧ અને ૨ બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી સહજાનંદ સોસા.ના પ્લોટ નં.૧૨ અને ૧૩ ના બાંધકામના પ્લાન તથા રજાચિઠ્ઠીની નકલ, ગ્રાઉન્ડ ફલોરમાં પાર્કીગમાં દુકાનોનું ગેરકાયદેસર બાંધકામ અંગેની માહિતી કતારગામઝોનના ઉપલબ્ધ રેકર્ડની ચકાસણી કરતાં માહિતી ઉપલબ્ધ ન હોઈ આપી શકાય તેમ નથી. તેવું જણાવેલ છે. જેમાં અરજદારે કલમ–૨૬૦ મુજબ ડીમોલીશન કર્યા બાદની નકલ માંગેલ છે જે અંગે જાહેર માહિતી અધિકારીએ ઉપલબ્ધ રેકર્ડ ચકાસણી કરતાં માહિતી ઉપલબ્ધ ન હોવાનું જણાવેલ છે. મુદ્દા નં.(૩) સદર મિલ્કતનો ટાઉન પ્લાનીંગ ડીપાર્ટમેન્ટમાંથી પાર્ટ પ્લાનીંગની માહિતીની નકલ. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી પાર્ટ પ્લાનની નકલ મેળવવા દસ્તાવેજની નકલ દીઠ રૂા.૨/– લેખે કુલ નકલ–૦૧ ના રૂા.૨/– દસ્તાવેજ ફી ભરપાઈ કરવાની થાય છે. જે આ પત્ર મળ્યેથી ભરી જવા જણાવવામાં આવે છે. સદર દસ્તાવેજી ફી ભર્યેથી પાર્ટ પ્લાનની નકલ આપવામાં આવશે. જે અંગે અરજદારે રસીદ નં.૩૧૭૪૫૩ તા.૨૪–૬–૧૧ થી રૂા.૨/– કરી રૂબરૂમાં નકલ મેળેલ હોવાની સહી કરેલ છે અને તા.૨૪–૬–૧૧ લખેલ છે. આમ અરજદારને તા.૨૪–૬–૧૧ ના રોજ પાર્ટ પ્લાનની નકલ મેળવેલ છે. તેમ છતાં અરજદારે અપીલમાં તા.૨૦–૯–૧૧ ના રોજ પત્રમાં પાર્ટ પ્લાની એસીડ કોપીની માંગણી કરેલ છે સાથે પ્લાનની નકલ પણ રજૂ કરેલ છે. વધુમાં અપીલ અરજીમાં પાર્ટ પ્લાનની નકલ મળેલ નહીં હોવાની રજૂઆત કરેલ છે. જે અરજદારે તા.૨૪–૬–૧૧ ના રોજ રૂબરૂ મેળવેલ અને સહી કરેલ તેમજ અપીલમાં નકલની કોપી નકલ પણ રજૂ કરેલ હોવાથી વધુમાં જાહેર માહિતી અધિકારીએ તેમના પત્ર

નં.એન.ઝેડ/આ.નં.૫૦૦૬ તા.૧૯–૧૦–૧૧ ની પૂરક વિગતોમાં અરજદારને તા.૨૪–૬–૧૧ ના રોજ તે હકીકત બયાન કરેલ છે. જે અંગે અરજદારના દાવાને સમર્થન મળતું નથી. આમ અરજદારને જાહેર માહિતી અધિકારી તરફથી દફતરી ઉપલબ્ધ હકીકતલક્ષી માહિતી પૂરી પડાયેલ છે. જે અંગે અરજદારને પણ અપીલ તબકકે અત્રેથી આરટીઆઈ સેલ/૯૨૭ તા.૧૨–૧૦–૧૧ ના પત્રમાં આરટીઆઈ એકટની કલમ–૨(એફ) અને (જે) હેઠળ ભૌતિક સ્વરૂપે ઉપલબ્ધ માહિતી પૂરી પાડવાની રહે છે. તેવું પણ જણાવેલ છે. વધુમાં નારાજગીના આધાર સ્પષ્ટસહ જણાવવા પણ જણાવેલ તે અંગે અરજદાર કોઈ પૂરક વિગતો રજૂ કરવામાં સફળ રહેલ નથી.

અરજદારની અપીલ તબકકે કતારગામઝોનના કાર્યપાલક ઈજનેર અને લાગતા વળગતા ડે.ઈજનેર ધ્વારા ગેરરીતિ આચરેલ છે અને તેઓ કક્ષાએ ફોટોગ્રાફ છે તેવી રજૂઆત માહિતી મેળવવાને લગતી નહીં પરંતુ કાર્યવાહીનો નિકાલ –તકરાર નિવારણની જણાય છે. આરટીઆઈ એકટની કલમ–૨(એફ) અને (જે) હેઠળ દફતરી ઉપલબ્ધ માહિતી આપવાની જોગવાઈ છે.

**હુકમ**

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

અરજદારની તા.૮–૬–૧૧ ની અરજીથી માંગેલ માહિતી જાહેર માહિતી અધિકારી તરફથી પૂરી પડાયેલ હોઈ અપીલ અરજી અંગે કોઈ વિશેષ કાર્યવાહી કરવાની રહેતી ન હોઈ અપીલ અરજી દફતરે કરવામાં આવે છે. તકરાર નિવારણને લગતી કાર્યવાહી અંગે અરજદાર સક્ષમ સત્તાને અલાયદી રજૂઆત કરવા સ્વતંત્ર છે.

(પી.જે.ઝાલા)
ડે.કમિશ્નર (સ્પે.)
અને એપેલેટ ઓફિસર
સુરત મહાનગર પાલિકા

નં.આરટીઆઈસેલ/
તારીખ : –૧૧–૧૧

પ્રતિ,
(૧) એડી.સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (કતારગામઝોન).....જાણ તથા અમલ માટે.
(૨) શ્રી વિનોદભાઈ પ્રેમજીભાઈ કંટારીયા